ઈડર તાલુકાની નેત્રામલી ગૃપ ગ્રામ પંચાયત નેશનલ એવોર્ડથી પંચાયતી રાજના દિવસે સન્માનિત થશે

ભારત સરકાર દર વર્ષે શ્રેષ્ટ કામગીરી કરનાર પંચાયતોનું અવૉર્ડ આપી સન્માનિત કરે છે. ચાલુ સાલે વર્ષ-૨૦૨૨ ના નેશનલ અવૉર્ડ ની જાહેરાત પંચાયતી રાજ વિભાગ ભારત સકરકાર તરફથી થઈ છે.

જેમાં સાબરકાંઠા જિલ્લાની ઈડર તાલુકાની નેત્રામલી ગ્રામ પંચાયતને શ્રેષ્ટ કામગીરી માટે પંડિત દિન દયાલ ઉપાધ્યાય પંચાયત શશક્તિકરણ પુરસ્કારથી ૨૪ એપ્રિલ ૨૦૨૨ ના રોજ પંચાયતીરાજ ના દિવસે સન્માનિત કરવામાં આવશે. સરપંચ પટેલ નિલેશભાઈ અને તેમના ધર્મપત્ની પટેલ પદમાબેન બંને એ વારાફરતી સરપંચ પદે રહી ગામનો ખુબ જ વિકાસ કર્યો છે. આ વખતે પણ પંચાયતમાં તેમના અથાગ પ્રયત્નોથી આખી કમિટી સમરસ બનાવેલ છે અને હાલ પણ પંચાયતની જવાબદારી નિભાવે છે. પંચાયત હાલ દરેક સુવિધામાં અવ્વલ કામગીરી કરી રહી છે. હવે તેમનું મિશન સ્માર્ટ વિલેજ બનાવવાનું છે. પંચાયતના તલાટી કમ મંત્રી પ્રકાશભાઈ અસારી ના જણાવ્યા મુજબ નિલેશભાઈ સરપંચ પોતે લગભગ ૪૦ લાખથી વધારે રકમ ગામના લોકફાળામાં આપી ગામનો સર્વાંગી વિકાસ કર્યો છે. પંચાયત ના પ્રશ્નો સાથે સાથે સામાજિક પ્રશ્નોનો નિકાલ પણ ગ્રામ પંચાય માંથીજ થઈ જાય છે તેમને પોલીસ સ્ટેશન જવાની જરૂર પડતી નથી. આમ સર્વાંગી વિકાસ કરતું ગામ એટલે નેત્રામલી ગામ.. આપણા ઈડર તાલુકા અને સાબરકાંઠા જિલ્લા માટે એવોર્ડ મળવો એ ગર્વ ની વાત છે. આ માટે સૌ ગ્રામજનો આનંદની લાગણી અનુભવી રહ્યા છે.

ભિલોડા ભારત વિકાસ પરિષદ શાખા દ્વારા ઠંડુ મીનરલ પાણીની પરબનો શુભારંભ

ઉનાળાની સિઝન દરમિયાન અસહ્ય કાળઝાળ ગરમીનો પ્રકોપ વધતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયેલ છે.લગ્નસરાની સિઝન દરમિયાન બજાર ભારે ભીડ જોવા મળે છે.ભિલોડાની સેવાભાવી સંસ્થા હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહે છે.ભિલોડા-શામળાજી ધોરીમાર્ગ પર લાટી બજાર સામે ભારત વિકાસ પરિષદ,

ભિલોડા શાખા પ્રમુખ રામઅવતારજી શર્મા,સેવાભાવી પરીવાર ધ્વારા ઠંડુ મીનરલ પીવાના પાણીની પરબનો શુભારંભ કર્યો છે ત્યારે રાહદારીઓ અને વાહન ચાલકોમાં આનંદની લાગણી પ્રસરી છે.ભારત વિકાસ પરિષદ,ભિલોડા શાખાના મંત્રી મહિપતસિંહ રાઠોડ,ખજાનચી નરેન્દ્રભાઈ પ્રજાપતિ,મુકેશભાઈ પંચાલ, નરેશભાઈ પંચાલ,બીપીનભાઈ પ્રજાપતિ,કંદર્પભાઈ પટેલ, સંજયભાઈ પંચાલ,મનિષકુમાર શર્મા,રમેશભાઈ ચૌહાણ સહિત હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડીસામાં ટ્રકની ટકકરથી એક્ટિવા સવાર શિક્ષકનું મોત, શિક્ષિકા ઘાયલ

બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી : ટ્રક ચાલકની ધરપકડ-

ડીસા ખાતે આવેલ દિપક હોટલથી કાંટ તરફ જતા માર્ગ પર ટ્રક અને એક્ટીવા વચ્ચે ગમખ્વાર માર્ગ અકસ્માત સર્જાયો હતો. જેમાં એક્ટીવા પર સવાર એક શિક્ષક ને શિક્ષિકા રોડ ઉપર પટકાતા શિક્ષકનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.જયારે શિક્ષકા ઘાયલ થતાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બનાસકાંઠા જિલ્લામાં માર્ગ અકસ્માતનો સીલસીલો યથાવત જોવા મળ્યો છે ત્યારે આજે ડીસા ખાતે વધુ એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો.જેમાં ડીસા હાઈવે પર આવેલ દિપક હોટલ પાસેથી જતા માર્ગ પર કાંટ ખાતે આવેલ શ્રી સર્વોદય વિવિધલક્ષી વિદ્યાલયમા શિક્ષક તરીકે ફરજ બજાવતા રાહુલભાઈ મોઢ તેમાં જ એક અન્ય શિક્ષકા આજે બપોરેના સુમારે એક્ટીવા પર બેસી ડીસા તરફ આવી રહ્યા હતા. દરમિયાન દિપક હોટલ પાસે પૂરઝડપે આવી રહેલા એક ટ્રક ચાલકે ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી એક્ટિવાને જોરદાર ટક્કર મારી હતી જેમાં એક્ટીવા પર સવાર બંને શિક્ષક અને શિક્ષિકા રોડ ઉપર પટકાયા હતા.જ્યાં શિક્ષક રાહુલભાઈ મોઢનું ઈજાના કારણે ઘટના સ્થળે મોત નિપજ્યું હતું.તેમજ અન્ય એક શિક્ષકા ઘાયલ થતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવેલ .અકસ્માતના પગલે ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટી પડ્યા હતા અને તાત્કાલિક પોલીસને જાણ કરાતા પોલીસ પણ ઘટના સ્થળે દોડી આવી હતી.જેમાં શિક્ષકાને માથાના ભાગે ઈજા થતાં સારવાર માટે ભણસાલી હોસ્પિટલ ખાતે ખસેડાયા હતા.તેમજ મૃતક શિક્ષકની લાશ પીએમ અર્થે ખસેડી હતી. અકસ્માતમાં રાહુલભાઈ મોઢનું મોત થતા બે બાળકોએ પિતાની છત્રછાયા ગુમાવી હતી.તેથી પરિવારમાં માતમ છવાયો હતો. પરિવારજનોના કરુણ આક્રંન્દથી સમગ્ર વાતાવરણ ગમગીન બની જવા પામ્યું હતું. આ અકસ્માત સર્જનાર ટ્રક ચાલકને પોલીસે ઝડપી પાડી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

બુરાલના વિદ્યાર્થીઓએ 'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મ નિઃ શુલ્ક નિહાળી

ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે 'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મને રાજ્યમાં કરમુક્તિ આપવાનો નિર્ણય કર્યો છે. આ ફિલ્મમાં આર્ટિકલ ૩૭૦ થી લઈને કાશ્મીરના ઈતિહાસને સમાવામાં આવ્યો છે. તેમજ કાશ્મીરી પંડિતોને ૧૯૯૦ ના વર્ષમાં કઈ રીતે ઘરમાંથી કાઢી મુકવામાં આવ્યા હતા, તે વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે. હરિયાણાની સાથે સાથે મધ્ય પ્રદેશે પણ 'ધ કાશ્મીર ફાઈલ્સ' ને કર મુક્તિની જાહેરાત કરી છે.ગુજરાતના થિયેટરોમાં ફિલ્મને પ્રચંડ પ્રતિસાદ અને આવકાર મળી રહ્યો છે. 'ધ કાશ્મીર ફાઈલ્સ' ફિલ્મને લઈને ચાહકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે ત્યારે આજે વિવેકાનંદ વિદ્યાલય બુરાલના વિદ્યાર્થીઓને ડીસાના લોકલાડીલા ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા દ્વારા નિઃશુલ્ક સ્વખર્ચે ડીસા શહેરમાં આવેલા રાજમંદિર સિનેમા ગૃહમાં 'ધ કાશ્મીર ફાઈલ્સ' બતાવવામાં આવી હતી. ફિલ્મ નિહાળ્યા બાદ વિદ્યાર્થીઓમાં અનેરો? દેશપ્રેમ જોવા મળ્યો હતો.

મામલતદાર ઉવાચ, તપાસ કરાશે

પોશીનાના લહેરીપુરા વિસ્તારમાં શ્રી સરકાર થયેલી જમીનમાં ગેરકાયદે કબજો

તારની ફેન્સિંગ વાડ કરી લીંબુના ઝાડ વચ્ચે બાંધકામ શરુ કર્યાના આરોપ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

પોશીનાના લહેરીપુરા વિસ્તારમાં સોનાની લગડી જેવી થી સરકાર થયેલી જમીનમાં કેટલાક

ઈસમોએ ગેરકાયદે કબજો કરી તારની ફેસિંગ વાડ કરી બાંધકામ શરુ કર્યાના આરોપ તંત્ર સુધી પહોંચ્યા પછી પણ તપાસ થતી નથી. જ્યારે પોશીના મામલતદારે આ અંગે સર્કલનો રિપોર્ટ આવ્યા પછી યોગ્ય તપાસ કરાશે તેમ જણાવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર સાબરકાંઠા જિલ્લાના પોશીનામાં પણ જમીન ટોચ મર્યાદા કાયદો લાગુ કર્યા પછી સરકાર દ્વારા કેટલાક પરિવારોની જમીન શ્રી સરકાર(સલ.) કરી દેવામાં આવી હતી. પોશીના સેવા સદનથી માત્ર ૧૦૦ મીટર દૂર આવેલી શ્રી સરકાર થયેલી જમીનમાં સરકારી અમલદારોની અમીનજર હેઠળ કેટલાક લોકોએ ગેરકાયદે દબાણ કરી લેંબની વાડી કરી દીધી છે અને તેના ફરતે તારની ફેસિંગ વાડ કર્યા પછી ધીમા પગલે બાંધકામ શરુ કરવામાં આવ્યું છે છતાં સેવા સદનમાં બેસતા તાલુકાના ઉચ્ચ અધિકારીઓ આ તમામ બાબતો સામે આંખ આડા કાન કેમ કરી રહ્યા છે..?? તેવા આરોપ લાગ્યા છે. આ મામલે રાજ્ય કક્ષાએથી તપાસ થાય તો શ્રી સરકાર થયેલી જમીન ઉપર ગેરકાયદે કબજાની ચોંકાવનારી વિગતો પ્રકાશમાં આવી શકે છે.

આ અંગે યોગ્ય તપાસ થશે – પોશીના મામલતદાર

- પોશીના મામલતદાર મનોજ મિશ્રાએ જણાવ્યું કે શ્રી સરકાર થયેલી લહેરીપુરાની જમીનમાં કોઈ ઈસમોએ ગેરકાયદે કબજો કર્યો હોય તેવી વિગતો મારી પાસે નથી પરંતુ સર્કલ પાસે કોઈ રિપોર્ટ આવ્યો હશે તો તે ચકાસીને યોગ્ય તપાસ કરાશે.

જમીન ટોચ મર્યાદામાં મિલ્કત સિલીંગ કરાઈ – તલાટી કમ મંત્રી

પોશીના તલાટી કમ મંત્રી હેમંત જોષીએ જણાવ્યું કે લહેરીપુરા વિસ્તારની જમીન સ્થાનિક રાજવી પરિવારની હતી પરંતુ જમીન ટોચ મર્યાદા કાયદો અમલમાં આવતાં કેટલીક જમીન શ્રી સરકાર(શિલીંગ) કરવામાં આવી હતી અને આ અંગેની તમામ બાબત કોર્ટમાં ચાલી રહી છે.

સાબરકાંઠાની ૨ પેઢીમાંથી ફૂડ વિભાગે લીધેલા તેલ, ફરારી લોટના નમૂના પરીક્ષણમાં ફેલ

પેઢી માલિકો સામે દંડની કાર્યવાહી થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા ફુડ વિભાગ દ્વારા હિંમતનગર તાલુકાના વિરાવાડાની તેલ ઉત્પાદક પેઢી તેમજ હિંમતનગરના નાગરિક

બેક પાછળ ફરાળી લોટનું પેકીંગ વેચાણ કરતી પેઢીમાંથી લેવાયેલા કુલ-૩ નમૂના પરીક્ષામાં ફેલ થયા છે. મસ્ટર, ઓઈલ તેમજ રાઈસ બ્રાન્ડ આઈલ સબ સ્ટાન્ડર્ડ જાહેર થતાં વિરાવાડાની પેઢીને ૪ ૫ લાખનો દંડ થઈ શકે છે. જ્યારે ફરાળી લોટમાં ઉત્પાદક પેઢીએ પેકીંગ તારીખ અને ઉત્પાદન તારીખ લખી ન હોવાથી વિભાગ દ્વારા ૨ ૩ લાખનો દંડ ફટકારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ અને પેકીંગ ઉત્પાદનોમાં નિયમોને નેવે મૂકનારા પેઢી માલિકો અને વેપારીઓ સામે ફૂડ વિભાગે મોરચો માંડયો છે. ફૂડ ઈન્સ્પેક્ટરોની ટીમ દ્વારા નમૂના લઈ લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા પછી ભેળસેળનો ભાંડો ફૂટી રહ્યો છે. હિંમતનગર તાલુકાના વિરાવાડા સ્થિત એપેક્સ પ્રોટીન્સ પેઢીમાંથી અગાઉના વર્ષોમાં લેવાયેલ તેલના નમૂના લેબોરેટરી પરીક્ષાશમાં ફેલ થયા પછી ફરીથી આજ પેઢામાંથી લેવાયેલ મોતીપ્યોર મસ્ટર્ડ ઓઈલ તેમજ મોતી રીફાઈન્ડ રાઈસ બ્રોલ ઓઈલના નમૂના ફૂડ વિભાગના પરીક્ષણમાં સબસ્ટાન્ડર્ડ જણાઈ આવ્યા છે જેથી વિભાગ દ્વારા ઓઈલ ઉત્પાદક પેઢી સામે કાયદેસરની કાર્યવાહી શરુ કરવામાં આવી છે.

જ્યારે હિંમતનગરમાં નાગરિક બેક પાછળ આવેલ એ.રાજ કાર્ડસ પેઢીમાંથી ફૂડ ઈન્સ્પેક્ટરોની ટીમ દ્વારા પેકીંગ ફરાળી લોટનું સેમ્પલ લેવામાં આવ્યું હતું જેમાં પેકીંગ તારીખ કે ઉત્પાદન તારીખ જણાવેલી ન હોવાથી નમૂનો મિસબ્રાન્ડ જાહેર કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે. વિરાવાડાની તેલ ઉત્પાદક પેઢીમાં તેલના બે નમૂના ફેલ થતાં પેઢી માલિક મનિષકુમાર જગદીશપ્રસાદ શાહ તેમજ હિંમતનગરની મે. રાજ કાર્ડસના માલીક ભાવેશકુમાર યંતિલાલ ચૌહાણ સામે વિભાગે દંડનીય કાર્યવાહી કરવા માટેની તૈયારીઓ હાથ ધરી છે.

નમૂના લીધાના છ મહિના પછી રિપોર્ટ આવ્યો

રાજ્યમાં ફૂડ વિભાગે દાદા આલમથી ચાલ્યા આવતા કાયદામાં ફેરફાર કરવો પડશે. પ્રજાનું આરોગ્ય જોખમાય તેવો અખાદ્ય પદાર્થના રિપોર્ટ એક સપ્તાહમાં આવવા જોઈએ તેના બદલે ૭ મહિના સુધી રિપોર્ટ આવતા નથી. હિંમતનગર તાલુકાના વિરાવાડાની એપેક્ષ પ્રોટીન્સમાંથી ગત સપ્ટેમ્બર-૨૦૨૧માં નમૂના લેવામાં આવ્યા હતા અને ૭ મહિના પછી નમૂના સબસ્ટાન્ડર્ડ થયા છે. ત્યારે અત્યાર સુધી ઉત્પાદકોએ અન્ય સબસ્ટાન્ડર્ડ ઓઈલનું ઉત્પાદન કર્યું હશે તેનો પણ વેપાર થયો હશે તેનું શું..?? હજુ કેટલા લોકોનું આરોગ્ય જોખમાશે..??

ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોને ૨ વર્ષ પછી કમાણીની સીઝન ખૂલી

જિલ્લામાં ઉનાળુ પ્રવાસના આયોજનથી ટ્રાવેલ્સના ધંધામાં પ્રાણ ફૂંકાયા : પ્રવાસના આયોજનની પૂછપરછ વધતાં ૭૦ થી વધુ ટ્રાવેલ્સ સંચાલકોને રાહત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૧૩

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ઉનાળુ પ્રવાસના આયોજનો શરુ થયાં છે. કોરોનાના ૨ વર્ષ દરમ્યાન ઘરમાં કેદ થયેલી પ્રજાને હવે ફરવા જવાનો અવસર મળ્યો છે જેથી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોને કમાણીની સીઝન શરુ થઈ ચૂકી છે. ઉત્તર ભારત તેમજ દક્ષિણ ભારતના પ્રવાસના વધુ આયોજનો થતાં બંને જિલ્લાના ૭૦ થી વધુ ટ્રાવેલ્સ સંચાલકોને રાહત થઈ છે.

કોરોનાના કપરા કાળમાં લોકડાઉન સહિતના નિયંત્રણના કારણે છેલ્લા ૨ વર્ષથી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ સંચાલકોની માઠી દશા બેઠી હતી. પ્રવાસના આયોજનો ઠપ્પ



થઈ જતાં લક્ઝરી બસના ડ્રાઈવર-ક્લિનરોના પગાર તેમજ સરકારના ટેકા ભરવો પણ દૂરના આયોજકોને મુશ્કેલ થઈ પડ્યો. થોડી ઘણી કોરોનામાં ટેક્ષમાં રાહત આપવામાં આવી હતી પરંતુ કોરોનાની બીજી લહેરે હાહાકાર મચાવતાં ટ્રાવેલ્સ ઉદ્યોગ સંપૂર્ણપણે ઠપ્પ થઈ જતાં અનેક ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના વ્યવસાયીકોને ઘરનું ગુજરાન ચલાવા માટે અન્ય ધંધા-રોજગારો શોધવા પડી પરંતુ હવે કોરોનાની સમાપ્તિ થઈ છે જેના કારણે પ્રવાસન ઉદ્યોગ ફરીથી ધમધમવા જઈ રહ્યો છે. ઉનાળ વેકેશનની સીઝનમાં જ કોરોનાનું જોખમ ટળી ગયું છે જેના કારણે પ્રવાસપ્રિય પરિવારોએ પ્રવાસના આયોજનો શરુ કર્યા છે. જિલ્લામાં ૭૦ થી વધુ ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સ સંચાલકો હમણાં સુધી નવરાધૂપ બની રહ્યા હતા પરંતુ હવે દૂરના પ્રવાસના સ્થળોની પૂછપરછ શરુ થતાં રાહત થઈ છે. જ્યારે કેટલાક વિસ્તારોમાં તો સામૂહીક ઉત્તર ભારત તેમજ દક્ષિણ ભારત સહિતના પર્યટક સ્થળોના પ્રવાસ રવાના થવાની શરુઆત થઈ છે. જેથી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના ધંધામાં બે વર્ષ પછી પ્રવાસની સીઝન જોવા મળી રહી છે. થોડાક સમય અગાઉ કોરોનાનો કપરો સમય તેમજ ડીઝલના વધેલા અસહ્ય વધેલા ભાવ વધારાથી અનેક ટૂર સંચાલકોને ઓફીસોને તાળાં મારી લક્ઝરી બસ વેચવા કાઢવી પડે તેવી સ્થિતિ પેદા થઈ હતી પરંતુ ઉનાળાની સીઝનમાં ધીરે ધીરે પ્રવાસની મોસમ ખીલી છે જેના કારણે ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સના સંચાલકોને કાળઝાળ ઉનાળામાં પ્રવાસના આયોજનોથી હાશકારો થયો છે.

ઈમાનદારી હજુ જીવે છે

મોડાસામાં શાકભાજીની લારી પર ગ્રાહક મોંઘાદાટ મોબાઈલ ભૂલી જતા ફેરિયાએ ગ્રાહકને મોબાઈલ પરત કર્યો....

મોડાસા,તા. ૧૩

ઈમાનદારી એ કોઈનો ઈજારો નથી અને આ કેહવત ને સાર્થક કરી છે, મોડાસાના એક

શાકભાજી વેચતા લારીવાળાએ. મોડાસાના એક રહીશ શાકભાજી લીધા પછી મોબાઈલ ફોન લારી પર ભુલી ગયા હતા. પરંતુ ઈમાનદાર લારીવાળાએ એમનો મોબાઈલ હેમખેમ પરત આપ્યો હતો.

મોડાસાના એક રહીશ મંગળવાર ના રોજ સાંજના સમયે મોડાસા ના બજાર માં ગયા હતા. ઘરે વળતા શાકભાજી ની લારી પર થી કાકડી લીધી, ઉતાવળ તેમનો મોબાઈલ ફોન લારી પર ભૂલી ગયા હતા. ઘરે પહોંચી એમને ખ્યાલ આવતા જે દુકાને ગયા હતા ત્યાં ફરીથી ગયા, જોકે દુકાનદારે જણાવ્યુ કે મોબાઈલ એની દુકાન પર નથી ભુલી ગયા . એક માસ પહેલા રૂ.૧૭૦૦૦ નો ફોન લીધો હતો એટલે એમની ચિંતા વધી હતી, ત્યારબાદ તેમણે મોબાઈલ જોડતા રિંગ જવા લાગી પણ કોઈ જવાબ ના મળ્યો એટલે લાગ્યું હવે મોબાઈલ નહી મળી. ચાર થી પાંચ વાર રિંગ કરી ત્યારે સામે થી કોઈ ભાઈ બોલ્યા અને નામ પુછ્યું તો જણાવ્યું ઈમરાન ભાઈ અને તરત જ બોલ્યા કે, તમારો મોબાઈલ મારી પાસે છે. નવું બસ સ્ટેન્ડ બને છે, ત્યાં આવી ને લઈ જાઓ.

મોબાઈલ ના માલીક, બીજા એક ભાઈ ની મદદ લઈ ત્યાં પહોંચ્યા ત્યારે ઈમરાનભાઈ તેમની રાહ જ જોઈ રહ્યા હતા. ઈમરાનભાઈએ મોબાઈલ પરત આપતા મોબાઈલ ના માલિકે તેમની પ્રામાણિકતા પર ખૂશ થઈ રૂપિયા ૫૦૦ આપ્યા ત્યારે ઘણી આનાં કાની પછી ઈમરાન ભાઈ એ રૂપિયા લીધા. આમ પ્રામાણિક માણસ થકી માણસાઈ ના દર્શન થયા.

જન્મદિને વધામણી



ડો.દર્શનભાઈ એસ. પટેલ
કેશવ હોસ્પીટલ
બાયડ જી. અરવલ્લી

ઉમેશ કુમાર સુભાષભાઈ પટેલ
રણેચી તા.બાયડ

રાકેશભાઇ શાહ
બાયડ જીલ્લો અરવલ્લી

હસમુખભાઈ બાબુભાઇ પટેલ
લવાડ ફાર્મ તાલુકો દહેગામ



રાહુલ રામજીભાઈ ચૌધરી
તલોદ ગામ જીલ્લો સાબરકાંઠા

પવિત્ર ધામ શામળાજીમાં ભવ્ય શોભાયાત્રા

ગાયત્રી શક્તિપીઠ, શામળાજીનો પાટોત્સવ પર્વનો ભવ્ય શોભાયાત્રાથી પ્રારંભ થયો

બાયડ તા.૧૩

શામળાજી પવિત્ર ધામમાં ૧૯૮૦માં ગાયત્રી

શક્તિપીઠનો પ્રારંભ થયો હતો. જેનો બેતાલીસમા પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું. ગાયત્રી પરિવારના અગ્રણી હરેશભાઈ કંસારાએ જણાવ્યાનુસાર આજ ૧૩ એપ્રિલ, બુધવારે સવારે ૯:૦૦ કલાકે શામળાજીમાં ભવ્ય શોભાયાત્રાથી ૪૨મા પાટોત્સવ નો પ્રારંભ થયો. જે ૧૩ અને ૧૪ એપ્રિલ એમ બે દિવસ મહાઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

યુગ પરિવર્તનના પ્રતિક એવા મશાલનું પ્રાગટ્ય કરી શોભાયાત્રાનો પ્રારંભ કરવામાં આવ્યો. શામળાજી આસપાસના ગામો સહિત અરવલ્લી અને સાબરકાંઠાના દરેક તાલુકામાંથી થઈ હજારોની સંખ્યામાં ગાયત્રી સાધક ભાઈઓ ,બહેનો,યુવાનો આ શોભાયાત્રામાં જોડાયા. ભવ્ય ઝાંખીઓ, શણગારેલા વાહનો , વિશેષમાં પાટોત્સવ આયોજન અગાઉ એક કરોડ ગાયત્રી મહામંત્ર લેખન અભિયાન ચલાવવામાં આવેલ. જે પવિત્ર મંત્ર લેખન નોટબુકો તેમજ પીળા કળશ માથે લીધેલ પીત વસ્ત્રધારી બહેનો વિશેષ શોભા વધારી રહી હતી.

ગાયત્રી પરિવારના પ્રણેતા વેદમૂર્તિ તપોનિષ્ઠ પંડિત શ્રીરામ શર્મા આચાર્યજીએ સમગ્ર માનવજાતને સન્માર્ગ તરફ ચાલવા વિચાર ક્રાન્તિ માટે આપેલ જયઘોષના સૂત્રોથી આજ શામળાજી ગુંજી ઉઠ્યું હતું. આ તીર્થધામમાં બિરાજમાન ભગવાન વિષ્ણુ મંદિર આ શોભાયાત્રા પહોંચતા સમગ્ર ગાયત્રી ઉપાસકોએ મંદિરની પરિક્રમા કરી હતી. વિષ્ણુ મંદિરના વ્યવસ્થાપકશ્રી કનુભાઈ પટેલ દ્વારા આ શોભાયાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. આ શોભાયાત્રા આઈ.ટી.આઈ.થી પ્રારંભ થઈ બસસ્ટેશન, વિષ્ણુ મંદિર થઈ ગાયત્રી શક્તિપીઠ ખાતે વિરાટ યજ્ઞ મંડપમાં સમાપન કરવામાં આવેલ. આજથી પ્રારંભ થયેલ આ પાટોત્સવ કાર્યક્રમમાં આજ હરિદ્વારથી પધારેલ વિશેષ પ્રતિનિધીશ્રીઓ દ્વારા સમગ્ર શામળાજી પંથક તેમજ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જનહિત પ્રવૃતિઓ વધુ વેગવાન બનાવવા ચિંતન બેઠકનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૪ એપ્રિલ સવારે ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અને સંસ્કારનું આયોજન સંપન્ન થનાર છે. જેમાં ગાયત્રી પરિવારના મુખ્યાલય શાંતિકુંજ, હરિદ્વારથી પરમ શ્રદ્ધેયા શૈલજીજી તથા યુવા હૃદય એવા આદરણીય ડૉ. ચિન્મય પંડ્યાજી વિશેષ ઉપસ્થિત રહેનાર છે.